# તા. ૧૧/૦૫/૨૦૨૦ ના રોજ આદિવાસી સંશોધન-વ-તાલીમ કેન્દ્ર, આકૃયુ, દે'બારીયા સ્ટાફની ઓનલાઇન મીટીંગ યોજાઇ

ગુજરાત રાજ્યમાં કોરોના રોગચાળાની હાહાકાર વધી રહ્યો છે. ત્યારે લોકડાઉનનો કડક અમલ કરવો જરૂરી બન્યો છે. આ લોકડાઉન દરમિયાન ખેડૂતલક્ષી પ્રવૃત્તીઓ કરી શકાય તે માટે તા. ૧૧/૦૫/૨૦૨૦ ને સોમવારના રોજ ડો. જી. જે. પટેલ, યુનિટ અધિકારીશ્રી દ્વારા આદિવાસી સંશોધન-વ-તાલીમ કેન્દ્ર, આકૃયુ, દે'બારીયા સ્ટાફની ઝૂમ એપ્લીકેશનની મદદથી ઓનલાઇન મીટીંગ (વેબીનાર) યોજાઇ.

ડો. જી. જે. પટેલ, યુનિટ અધિકારી દ્વારા પ્રથમ સર્વ દે'બારીયા સ્ટાફને નોવેલ કોરોના વાયરસ (COVID-19)ની ગુજરાત રાજયમાં અને ખાસ અમદાવાદ, વડોદરા, સુરત જેવા મહાનગરોમાં  થઈ રહેલ ફેલાવો વિશે ચિંતા વ્યક્ત કરી, દરેક અધિકારી અને કર્મચારીએ જ્યાં છે ત્યાં સુરક્ષિત રહીને માન. કુલપતિશ્રી, આકૃયુ, આણંદ અને વિસ્તરણ શિક્ષણ નિયામકશ્રી, આકૃયુ આણંદ દ્વારા આપવામાં આવેલ માર્ગદર્શનને અનુસરીને કામગીરી કરવા જણાવ્યુ. વધુમાં, તેઓએ આગામી ખરીફ સીઝનમાં કરવામાં આવનાર તાંત્રિક કામગીરી વિશે સ્ટાફને માર્ગદર્શન પુરૂ પાડ્યું.

યુનિટ અધિકારીશ્રીના સૂચનથી, ડો.ગુણવંત થોરાત (મદદનીશ પ્રાધ્યાપક), પીવીકે, ટી.આર.ટી.સી., દ્વારા માહે એપ્રિલ ૨૦૨૦માં લોકડાઉન દરમિયાન કરવામાં આવેલ કામગીરી અને માહે મે-૨૦૨૦માં કરવામાં આવનાર કામગીરીનું સ્ટાફ પાસેથી જરૂરી માહિતી મેળવી તેમજ ખેડૂતોના બનાવેલ whats up ગૃપમાં ખેતી અને પશુપાલનને લગતી માહિતી મોકલવા જણાવ્યુ.

આ મિટીંગમાં આદિવાસી મહિલા ખેડૂત તાલીમ કેન્દ્રના ડો. પી. એમ. ગોધાણી (તાલીમ સહાયક), ડો. અનિકેત મકાણી (રીસર્ચ એસોસિએટ), ડો. એકતા પંડ્યા(રીસર્ચ એસોસિએટ), ઓએફઆર યોજનામાં ફરજ બજાવતા ખેતી મદદનીશ શ્રી. પ્રવીણભાઈ સોલંકી અને શ્રી. વિજયભાઇ રાઠવા, તેમજ કચેરીની વહીવટી અને હિસાબી કામગીરી સંભાળતા શ્રી. ડી. ડી. રાજ આ મીટીંગમાં જોડાયેલ હતા.

ડો. જી. જે. પટેલ, યુનિટ અધિકારીશ્રીના માર્ગદર્શન હેઠળ આ વેબીનારમાં હોસ્ટ તરીકે ડો. ગુણવંત થોરાત (મદદનીશ પ્રાધ્યાપક), પીવીકે દ્વારા કામગીરી સંભાળેલ હતી.

# તા. ૧૧/૦૫/૨૦૨૦ ના રોજ આદિવાસી સંશોધન-વ-તાલીમ કેન્દ્ર, આફ્વ્યુ, દે'બારીયા સ્ટાફની ઓનલાઇન મીટીંગ યોજાઇ







कोरोना जैसी राष्ट्रीय आपत्ति में आप स्वस्थ और सुरक्षित रहिये

साथ ही सरकार द्वारा दीये गयें निर्देश का पालन करीये.